# બાંદ્રા- ભાવનગર ટ્રેનમાંથી લંડનની મહિલાના પર્સની ચોરી થયાની રાવ

## ટ્રેનમાં ફ્રેશ થવા ગયા ત્યારે પાસપોર્ટ સહીત ડોક્યુમેન્ટ અને રોકડ સાથે પર્સની ચોરી કરી ગયાની પાલીતાણા પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૨૭

૯૬ પ્રીન્સેસ એવન્યુ પાલર્મસ ગ્રીન N/3 6 HD લંડન ઈંગ્લેન્ડ ખાતે રહેતી અને ભારતના મુંબઈ એરપોર્ટ પર આવી બાંદ્રા-પાલીતાણા ટ્રેનમાં બેસી પાલીતાણા આવી રહેલી એક મહિલાના પાસપોર્ટ સહીત અગત્યના ડોક્યુમેન્ટ અને રોકડ રકમ સાથેના પર્સની કોઈ શખ્સ ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા ધોળા રેલવે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ૯૬ પ્રીન્સેસ એવન્યુ પાલર્મસ ગ્રીન N/3 6 HD લંડન ઈંગ્લેન્ડ ખાતે રહેતા અને નીવૃત જીવન જીવતા સુશીલાબેન રાયચંદભાઈ શાહ ઉ.વ.૭૩ પાલીતાણા જૈન તીર્થ ખાતે દર્શન કરવા આવતા હોય તેઓ ગત તા.૨૩/૦૧/૨૦૨૬ના રોજ લંડનના હીથ્રો એરપોર્ટથી ફ્લાઈટમાં બેસીને મુંબઈ ખાતે આવેલ અને તા.૨૪/૦૧/૨૦૨૬ના મુંબઈ એરપોર્ટ ખાતે પહોચેલ હતા અને તા.૨૫/૦૧/૨૦૨૬ રોજ બાંન્દ્રા રેલ્વે સ્ટેશનથી બાંન્દ્રા-ભાવનગર ટ્રેનમાં રીજર્વેશન હોય જે સીટ ઉપર બેસીને પાલીતાણા ખાતે નીકળેલ હતા અને સામાન તથા પર્સ સીટ નીચે મુકેલ હતુ.ત્યારે મુસાફરી દરમિયાન ટોઈલેટમા ફ્રેશ થવા ગયેલ અને પરત આવતા બ્લેક કલરનુ પર્સ જોવા મળેલ નહીં જે પર્સ મે આજુબાજુ તપાસ કરતા તેમજ સાથેના મુસાફરોને પુછપરછ કરતા મળી આવેલ નહીં જે પર્સ ની અંદર (૧) SHUSILA SHAH નામનો પાસપોર્ટ જે ભારતીય એમ્બેસી લંડન દ્વારા ઈશ્યુ થયેલ જેનો TYPE P કોડ નં.ય્ર્ન્ઈ નંબર.૧૫ ૫૭૩૬૫૮૧ બ્લુ કલર નો હતો (૨) SHUSILA SHAH નામનો પ્રવાસી ભારતીય નાગરિક કાર્ડ OCI કાર્ડ (૩) SHUSILA SHAH નામનો પાસપોર્ટ જે ભારતીય એમ્બેસી લંડન દ્વારા ઈશ્યુ થયેલ જુનો પાસપોર્ટ જેના નંબર હાલ મા અમોને યાદ નથી જે મરૂન કલર નો હતો (૪) એક barclaycard (ક્રેડીટ કાર્ડ) (૫) એક netwest card ( બીટ કાર્ડ) (૬) ૩૦૦ બ્રીટીશ પાઉન્ડ (૬)૨૨ હજાર રોકડા જે ૫૦૦ ના દરની નોટો હતી આ બ્લેક કલરનુ પર્સ કોઈ અ જાણ્યો ઈસમ ગેરહાજરીનો લાભ લઈ ચોરી કરી લઈ ગયેલ હોય જે અને ધોળા રેલવે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા રેલવે પોલીસે અજાણ્યા શખ્સ સામે બીએનએસની કલમ ૩૦૫-સી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# મોટા ખુંટવડાની ઘટનામાં પિડીત માલધારી યુવાનની વ્હારે આવ્યા આગેવાનો : પોલીસ સામે ગુનો નોંધાયો પરંતુ કલમો હળવી લગાડાઈ હોવાનો રોષ



તસવીર : ધવલ વાજા

ભાવનગરના મહુવા તાલુકાના મોટા ખુટવડા ગામે થોડા દિવસ પૂર્વે માલધારી યુવાન અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પ્રાથમિક તબક્કે પોલીસે માલધારી યુવાન સામે ફરજમાં રૂકાવટ અને જીવલેણ હુમલાનો ગુનો દાખલ કર્યો હતો. પરંતુ સમગ્ર ઘટનાનો જે વિડિયો વાયરલ થયો હતો તે વિપરીત કથની દર્શાવતો હતો આખરે આ મામલે મોટા ખુટવડાના પીએસઆઈ અન્ય કર્મચારી અને જીઆરડી જવાન સામે પણ આખરે ગુનો નોંધાયો છે પરંતુ પોલીસ અધિકારી અને કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં હળવી કલમો લગાડાઈ છે. જ્યારે ખરેખર પિડીત માલધારી યુવાન પર હુમલો થયો તે જીવલેણ હતો તેમ આગેવાનોનું કહેવું છે આ સંદર્ભમાં આજે હોસ્પિટલ ખાતે માલધારી સમાજના આગેવાનો આક્રોશભેર એકત્ર થયા હતા. અને ગુનેગાર પોલીસ અધિકારી, કર્મચારીઓને યેનકેન પ્રકારે છાવરવામાં આવતા હોવાનો રોષ વ્યક્ત કર્યો હતો. માલધારી સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં ઉમટી પડી પિડીત યુવાનના ખબર અંતર પુછવા સાથે ન્યાય અપાવવા હૈયા ધારણા આપી હતી.

# પ્રજાસતાક પર્વે ભાવનગરની મધુસીલીકા પ્રા.લી.કંપની ખાતે કરાયુ ધ્વજવંદન



ભાવનગરની અગ્રણી કંપની મધુસીલીકા પ્રા.લી. ખાતે ૭૭માં પ્રજાસતાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કંપનીના જનરલ મેનેજર બ્રિજેશભાઈ ત્રિવેદીના હસ્તે તીરનો લહેરાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત કર્મચારીઓને સંબોધન કરતા તેમને જણાવેલ કે આપણે ખુબજ આનંદ અને ઉત્સાહ સાથે પ્રજાસતાક પર્વ ઉજવણી કરી રહ્યા છીએ તે બાદલ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. અને તમામ કર્મચારીઓને આપણી કંપનીને ઉંચાઈએ લઈ જવા સહિયારા પ્રયત્નો કરવા આહવાન કર્યું હતું અને શુભેચ્છા પાઠવી હતી.

# જાળીલા ગામે સુતરીયા શાળામાં ૨.૧૫ કરોડની નવી ભૌતિક સુવિધાઓનું રીવાબાના હસ્તે લોકાર્પણ

## વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાસભર શિક્ષણ સાથે ઉત્તમ ભૌતિક સુવિધાઓ અત્યંત જરૂરી; મંત્રી રીવાબા જાડેજા



તસવીર : વિપુલ લુહાર

બોટાદ,તા.૨૭

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના જાળીલાં ગામે આવેલ કે.જી. સુતરીયા પ્રાથમિક શાળામાં SCHOOL OF EXCELLENCE યોજના અંતર્ગત નિર્મિત નવી ભૌતિક સુવિધાઓનું લોકાર્પણ બોટાદના પ્રભારી મંત્રી રીવાબા જાડેજાના વરદ હસ્તે ગૌરવપૂર્ણ અને ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયું.

આ પ્રસંગે પ્રભારી મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, ‘‘વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાસભર શિક્ષણ સાથે ઉત્તમ ભૌતિક સુવિધાઓ અત્યંત જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે લેવામાં આવેલાં પગલાંઓથી ગ્રામ્ય વિસ્તારોના બાળકોને પણ શહેર સમાન તકો પ્રાપ્ત થઈ રહી છે.

SCHOOL OF EXCELLENCE અંતર્ગત તાજેતરમાં ૧૨ નવા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનો અંદાજિત ખર્ચ રૂ.૧ કરોડ ૯૨ લાખ છે તેમજ રૂ. ૨૩ લાખનાં ખર્ચે ૬ વર્ગખંડમાં રીપેરીંગ કામો પૂર્ણ કરવામાં આવ્યાં જે કુલ મળીને ૨ કરોડ ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.હાલ શાળામાં કુલ ૨૦ વર્ગખંડ ઉપલબ્ધ છે, જેમાંથી ૨ વર્ગખંડો દાતાઓના સહયોગથી નિર્માણ પામ્યા છે.કાર્યક્રમ અંતે પ્રભારી મંત્રીએ વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરવા, માતા-પિતાને બાળકોનાં શિક્ષણમાં સક્રિય સહયોગ આપવા તથા શિક્ષકોને ગુણવત્તાસભર શિક્ષણ દ્વારા ભવિષ્ય ઘડવાની અપીલ કરી હતી.

# તળાજાના ધારડી પાસે કારે ટક્કર મારતા બાઈક પર સવાર મહિલાનું નીપજ્યું મોત

ભાવનગર,તા.૨૭

તળાજા તાલુકાના સરતાનપર ગામે રહેતા અને બાઈક લઈને ધારડી ગામે જઈ રહેલા દંપતીની મોટર સાયકલને એક કાર ચાલકે અડફેટે લેમ પાછળ બેઠેલ મહિલાને ઈજા થતા તેમને સારવારમાં હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મોટ નીપજ્યું હતું આ બનાવ અંગે મૃતકના પુત્રાએ કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા અલંગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા ૨૫ના રોજ બપોર સમયે ફરીયાદિ ધરમેશગીરી રાતનગીરી ગોસ્વામીના માતા-પિતા તથા તેઓ અલગ અલગ મોટર સાઈકલ પર તેના મામાના ગામ ધારડી જય રહ્યા હતા તે સમયે કસ્તુરગીરી આશ્રમની સામે પહોંચતા કોઈ અજાણી કાર જેના નં ય્ત્ન-૦ ૪-ઢ્ઢ-૬૩૫૭ના ચાલકે પોતાની ફોરવ્હિલ બેફિકરાઈ ચલાવી માણસોની જીદંગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના પિતાની મોટર સાઈકલને પાછળથી ટલ્લો મારતા તેમની માતા ઉષાબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવારમાં લઈ જવાયેલ જ્યાં તેનો મૃત્યુ નીપજેલ. આ બનાવ અંગે કાર નં. GJ04DN6357ના ચાલક સામે ફરિયાદ નોંધાવતા અલંગ પોલીસે બીએનએસની કલમ ૧૦૫-૧, ૧૨૫-એ, ૧૨૫-બી, ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ ૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

### ગીરનારા પરજીયા સોની

કોળીયાકવાળા હાલ સુરત્ત ભરત ભાઈ અમૃતલાલ ભીંડી ઉંમર:૬૮ સ્વતા: ૨૨/૧/૨૦૨૬ ગુરુવાર ના રોજ શ્રીજીચરણ થયેલ છે પામેલ છે. ધનેશ ભાઈ અમૃતલાલ તથા વિપિન ભાઈ અમૃતલાલ ના મોટા ભાઈ થાય. બીમલ ભાઈ તથા જીતેન ભાઈ તથા હિરેન ભાઈ ના પિતા થાય. મિતુલ ભાઈ તથા નિકુંજ ભાઈ તથા હાર્દિક ભાઈ તથા ધર્મીક ભાઈ ના મોટા પપ્પા થાય. ધાક તેની સાદડી તા:૨૯/૧/૨૬ ગુરુવારે મોટા રામજી મંદિર કોળીયાક રાખેલ છે. બપોરે ૩ થી ૬ મો: ૯૦૬૭૧૧૩૩૨૭ મિતુલ ભાઈ સોની.

### દશા પાલીવાલ બ્રહ્મસમાજ મરણ - તખતગઢ (ચોપડા).

તખતગઢ (ચોપડા) નિવાસી રવિશંકરભાઇ બચુભાઈ ભટ્ટ ઉંમર વર્ષ:- ૬૯, તા:-૨૪/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ રામચરણ પામેલ છે. તેઓ સ્વ. બચુભાઈ ભાણશંકરભાઇ ભટ્ટ ના પુત્ર થાય. તથા ઇચ્છાબેન રવિશંકરભાઇ ભટ્ટ ના પતિ થાય. તથા શિવમભાઈ રવિશંકરભાઈ ભટ્ટ, હાર્દિકભાઈ રવિશંકરભાઈ ભટ્ટ તેમજ બારૈયા હીનાબેન નાનજીભાઈ (તરસરા) પંડ્યા વસંતબેન દિલીપભાઈ (કુંઢડા) ધાંધલ્યા અરુણાબેન સુનિલકુમાર (સાંખડાસર) ના પિતા થાય. તથા સ્વ. કુરજીભાઈ બચુભાઈ ભટ્ટ, સ્વ. જ્યંતિભાઈ બચુભાઈ ભટ્ટ, ભાનુભાઈ બચુભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ બચુભાઈ ભટ્ટના મોટા ભાઈ તથા સ્વ.વેણીશંકરભાઇ ભાણશંકરભાઈ ભટ્ટ તથા સ્વ.દામજીભાઈ ભાણશંકરભાઈ ભટ્ટ તથા નાનજીભાઈ ભાણશંકરભાઈ ભટ્ટ તથા દયારામભાઈ પરમાણંદભાઈ ભટ્ટ તથા રતિલાલભાઈ ભાણશંકરભાઈ ભટ્ટના ભત્રીજા થાય. તે સ્વ. ઉકાભાઇ ઉમૈયાશંકરભાઈ ભટ્ટ તથા જીવરામભાઇ ઉમૈયાશંકરભાઈ ભટ્ટના કાકાના દીકરા થાય. તે રાજેશભાઈ, પંકજભાઈ, દિલીપભાઈ, વિરલભાઈ, રાહુલભાઈ, ચેતનભાઈ, વિમલભાઈ, શુભમભાઈના મોટા બાપા થાય. તે જયાબેન જગદીશભાઈ ધાંધલ્યા (નેસવડ), મંછાબેન કાંતિલાલભાઇ પંડ્યા ( સથરા), મંગુબેન દલપતભાઈ ધાંધલ્યા (દાત્રડ) તથા દવુબેન ગંગારામભાઇ જાળેલા ( નેસવડ)ના ભાઈ થાય.પાદરી (ગો) નિવાસી સ્વ. ભુરાભાઈ પોપટભાઈ ધાંધલ્યા તથા સ્વ.મનુભાઈ રામજીભાઈ લાધવા ( ઠાડચ), ભાનુશંકર પ્રાણશંકરભાઈ ધાંધલ્યા ( ઈસોરા) તથા ભોળાભાઈ મણિશંકરભાઇ બારૈયા (પીપરલા)ના મામાના દીકરા થાય. તે ધાંધલ્યા ભાભા પરિવાર પાદરીના ભાણેજ થાય.તે સમઢિયાળા નિવાસી પનોત રાઘવજીભાઇ કુરજીભાઈના સાઢુ થાય, નેસવડ નિવાસી સ્વ. મથુરામભાઈ નાગજીભાઈ ધાંધલ્યાના જમાઈ, જગદીશભાઈ મથુરામભાઈ ધાંધલ્યા (ભાવનગર), ગજાનંનભાઈ મથુરામભાઈ ધાંધલ્યા (ભરૂચ), ઘનશ્યામભાઈ મથુરામભાઈ ધાંધલ્યા (નેસવડ)ના બનેવી થાય. તેમજ નયન, મનોજ, અશ્વિન, શુભમ, ચિંતનના ફુવા થાય. સ્વ.નું બેસણું તા:- ૨૮ અને ૨૯/૦૧/૨૬ ને બુધવાર અને ગુરુવાર બે દિવસ અમારા નિવાસસ્થાને તખતગઢ મુકામે રાખેલ છે. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. સુંવાળા તા-૩૦/૦૧/૨૬ ને શુક્રવારના રોજ રાખેલ છે.

# ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરતા ભાવનગરના સ્કાઉટ ગાઈડ

## વિસરાતી દેશી રમતો રમીને અને ભારત માતાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી, ૧૮ શાળાના ૩૭૫ બાળકોએ દેશી રમતનો આનંદ માણ્યો



ભાવનગર,તા.૨૭

૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે દક્ષિણામૂર્તિ બાલપમરાટ ખાતે ભાવનગર શહેરની જુદી જુદી ૧૮ શાળાના ૩૭૫થી વધુ સ્કાઉટ ગાઈડ ૨૬ જાન્યુઆરીને સોમવારના રોજ વિસરાતી દેશી રમતો રમી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી.

કાર્યક્રમની શરૂઆત વંદે માતરમના ગાનથી કરી ભારત માતાની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવો સમીરભાઈ જાની શાસન અધિકારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જયેશભાઈ દવે સ્કાઉટ કમિશ્નર, જયસિંહભાઈ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર, અજયભાઈ ભટ્ટ જિલ્લા મંત્રી શિક્ષકો અને સ્કાઉટ ગાઈડ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ સંગીત ખુરશી, લીંબુ ચમચી, દોરડા કુદ, કોથળા દોડ જેવી દેશી રમતો મુક્તપણે સ્કાઉટ ગાઈડ રમ્યાહતા બધી જ રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર સ્કાઉટ ગાઈડને પ્રમાણપત્ર અને શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા .સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં સરલાબેન સાકરીયા કાજલબેન પંડ્યા દિપકભાઈ માર્ગેશભાઈઞ અને સિનિયર સ્કાઉટ ગાઈડ જહેમત ઉઠાવી હતી.

# પ્રજાસત્તાક પર્વે પ્રસિધ્ધ તિર્થધામ તુલસીશ્યામ અને સાળંગપુરમાં જોવા મળ્યો રાષ્ટ્રવાદી માહોલ





પ્રજાસત્તાક પર્વે ગીર જંગલમાં આવેલ પ્રસિદ્ધ તિર્થધામ તુલસીશ્યામ તેમજ બોટાદના સાળંગપુરમાં રાષ્ટ્રવાદી માહોલ જોવા મળ્યો હતો. ઐતિહાસિક તુલસીશ્યામ મંદિરના શિખરે ૨૬ જાન્યુઆરીએ ૫૨ ગજની ધ્વજા સાથે તિરંગો લહેરાવાયો હતો. તો સાળંગપુરમાં કષ્ટભંજનદેવ દાદાને તિરંગા વાઘા તથા સિંહાસનને હજારીગલ-સેવંતીના ફૂલો અને આસોપાલવના પાન દ્વારા કેસરી-સફેદ-લીલા તિરંગાનો શણગાર કરાયો હતો.

# ખેડૂતવાસના રહેણાંકી મકાનમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

## રૂ.૪૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો, મહિલા બુટલેગર ફરાર

ભાવનગર,તા.૨૭

ભાવનગર ઘોઘારોડ પોલીસે ખેડૂતવાસ મેલડીમાની ધાર મફતનગર વિસ્તારમાં દરોડો પાડી એક મહિલાના રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની ૩૬૦ બોટલો જપ્ત કરી છે. અંદાજે ૪૭ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી મહિલાની સામે પ્રોહીબિશન કલમ હેઠળ ગુનો નોંધાયો છે,

બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ નાયબ પોલીસ અધિક્ષક કચેરીમાં ફરજ બજાવતા સ્ટાફને બાતમી મળી હતી કે શહેરના ખેડૂતવાસ મેલડીમાંની ધાર મફતનગર વિસ્તારમાં રહેતા રાધાબેન રાજેશભાઈ ચુડાસમાએ પોતાના રહેણાંક મકાનમાં વેચાણ અર્થે ઈંગ્લિશ દારૂનો જથ્થો સંગ્રહિત કર્યો છે. આ બાતમીના આધારે, ઘોઘારોડ પોલીસ સ્ટેશનના સ્ટાફને ભાવનગર નાયબ પોલીસ અધિક્ષકની કચેરીએ બોલાવી જરૂરી સૂચના આપતા પોલીસ ટીમ બાતમીવાળી જગ્યાએ પહોંચી રાધાબેન રાજેશભાઈ ચુડાસમાના રહેણાંક મકાનમાં તપાસ કરતા કોઈ વ્યક્તિ હાજર મળી આવી નહોતી. જોકે, મકાનની તપાસ દરમિયાન ઈંગ્લિશ દારૂની અલગ-અલગ કંપનીઓની નાની-મોટી કુલ ૩૬૦ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂપિયા ૪૭,૭૧૨ નો મુદ્દામાલ જપ્ત કરી ઘોઘારોડ પોલીસ મથકે મહિલાની વિરુદ્ધ પ્રોહીબિશન કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, તેમજ આરોપી મહિલાને ઝડપી પાડવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# ડંભાળિયા પ્રા.શાળામાં ૭૭માં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરાઈ

ઉમરાળા,તા.૨૭





ઉમરાળા તાલુકાની ડંભાળિયા પ્રા.શાળામાં ૭૭ માં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી કાર્યક્રમની શરૂઆત પહેલા ગામમાં રેલી યોજવામાં આવી ત્યારબાદ ગામની દિકરીઓ કાંબડ નિધી અને બારૈયા તુલસી ના વરદ હસ્તે ધ્વજવંદન વિધી યોજાઇ હતી. ધ્વજવંદન પછી સાંસ્કૃતિક કાર્યકર્મ યોજવામાં આવ્યો હતો જેમા દ્વારકાનો નાથ,દેશ પહેલા..,જેવા ગીતો પર ડાન્સ તેમજ હાસ્ય નાટક જીવી ડોશી નાટક તેમજ ૨૬ મી જાન્યુઆરી,શહિદ ભગતસિંહ રાણી લક્ષ્મીબાઈ તેમજ મહાત્મા ગાંધી વગેરે વિષય પર વિધાર્થીઓ દ્વારા વ્યકત્મ્ય રજુ કરવામાં આવ્યા હતા. સમગ્ર પટ આંગણમાં દેશપ્રેમનો માહોલ સર્જાયો હતો આ પ્રસંગે ડંભાળિયા પ્રા.શાળાને

વિજયભાઈ બંસલ ગૃપ મિલ જે મેલડી માતાના મંદિરની બાજુમાં આવેલ છે જેના દ્વારા સાઉન્ડ

સિસ્ટમની ભેટ આપવામાં આવી તેનું પ્રતિ નિધિત્વ કરવા ઉપસ્થિત મેનેજર શુકલા સાહેબ,તેમજ તેમની ઉપસ્થિત શ્યામભાઈ સાથે સરપંચ,એસ.એમ.સી.ના સભ્યો વાલીઓ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ભરતભાઈ દ્વારા કરવામાં આવ્યુ અંતમાં શાળાના શિક્ષિકા રિધ્ધિબહેન દ્વારા સૌનો આભાર વ્યકત કર્યો વિશેષમાં બંસલ ગૃપનો આભાર માનવામાં આવ્યો હતો.